# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪ તા.૩-૫-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે તા.૭-૫-૧૮ થી તા.૧૦-૬-૧૮ સુધી શાળાઓમાં ઉનાળુ વેકેશન જાહેર થયેલ છે. વેકેશન દરમ્યાન શાળાઓના મકાનોની સાચવણી અને સફાઈ તેમજ શાળાઓમાં ફાળવવામાં આવેલ કોમ્પ્યુટરની જાળવણી અંગે નીચે આપેલ સૂચનાઓનો અમલ કરશો.

(૧) વેકેશન પડતાં પહેલાં પાણીની ઓવરહેડ તથા અંડર ગ્રાઉન્ડ ટાંકીના ઢાંકણાં ચૂસ્ત છે કે કેમ ? તે ચેક કરવાં.

(૨) વેકેશનમાં સફાઈ કામદાર શાળાના મકાનની તથા સેનેટરી બ્લોકની દરરોજ સફાઈ કરે તે અંગે તેઓને લેખિત સૂચના આપવી.

(૩) શાળાના મકાનના ઓરડાઓ સાફ કરી, બારી બારણાં બંધ કરવા અને દરેક ઓરડાઓને તાળાં મારવાં તેમજ શાળામાં લાઈટ તેમજ પંખા કોઈપણ વર્ગમાં ચાલુ ન રહે તે ખાસ ધ્યાન રાખવું.

(૪) શાળાના મેદાનનો વેકેશન દરમ્યાન અન્ય બહારની વ્યક્તિઓ ઉપયોગ ન કરે તે અંગે શાળાના પગી તથા સિક્યુરીટીને લેખિત સૂચના આપવી.

(૫) લાઈટ તથા પાણીના નળ કાળજીપૂર્વક ચકાસી બંધ કરવા.

(૬) શાળાના કોમ્પ્યુટર રૂમમાં તમામ કોમ્પ્યુટર,ટીવી વિગેરે ઈલેક્ટ્રોનીક સાધનો ઢાંકી દેવા અને કોમ્પ્યુટર સાચવણી બાબતે તેમજ અન્ય વસ્તુઓની સાચવણી બાબતે ખાસ તકેદારી રાખવી.

(૭) આ ઉપરાંત શાળામાં અગાશી કે ધાબાની મુલાકાત લઈ કોઈ સરસામાન પડેલ હોય તો તેનો પણ નિકાલ કરવો તેમજ અગાશીના બારણા પણ બંધ કરી કોઈ વ્યક્તિ તેની તરફ જાય નહી તેની તકેદારી રાખી તાળુ મારવું.

(૮) વેકેશન દરમ્યાન કોઈ આકસ્મિક બનાવ બને તો પગી / સિક્યુરીટી તમોને જાણ કરે તેમ જણાવવું તેમજ આ માહિતી સ્કૂલ બોર્ડના જે-તે અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૯) કેટલીક શાળાઓમાં ખૂબ જ ઘટાદાર અને જૂના વૃક્ષો હોય છે. તેમની ડાળીઓનાં ભારને કારણે વૃક્ષ થડમાંથી નમી જાય છે. તો ચોમાસા દરમ્યાન જે વૃક્ષો પડી જવાનો ભય રહેલો હોય તે વૃક્ષોનું ઉનાળુ વેકેશન દરમ્યાન બગીચા ખાતા દ્વારા ટ્રીમીંગ કરાવશો. વૃક્ષ ટ્રીમીંગની કામગીરી દરમ્યાન પગી/સિક્યુરીટી ગાર્ડ અવશ્ય હાજર રહે અને વૃક્ષોની કાળજી રાખે તેવી ખાસ સૂચના આપશો. ઉનાળુ વેકેશન દરમ્યાન ઝાડનું ટ્રીમીંગ કરાવવામાં નહીં આવે અને ચોમાસા દરમ્યાન વૃક્ષ પડવાને કારણે થનાર નુકશાનની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. વેકેશન દરમ્યાન ફૂલ-છોડને પાણી પાવાની તથા શાળાની મિલ્કતની જાળવણી અંગેની જરૂરી વ્યવસ્થા કરશો અને તે અંગે પણ પગી/સિક્યુરીટીને સૂચના આપશો.

તા. ૩-૫-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ  
શાસનાધિકારી